## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



દોસ્ત હમણાં તારા પૈસા નહી આપી શકું... જો, વાંચ છાપામાં આચાર સંહિતા મુજબ પૈસાની લેવડ-દેવડ ન કરવી....

# વે-બ્રીજમાં ઈલેક્ટ્રોનીક ચીપ્સ લગાવી છેતરપિંડી કરતી ગેંગ ઝડપાઈ

## છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાંથી એસઓજી પોલીસે ગેંગના સભ્યોને પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૨૩

કલોલ તાલુકા પોલીસ મથકના છત્રાલ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી મેક્ષીમ કંપનીને ભંગારના ચાલતા ભાવ કરતા રૂ.૭ વધુ ભાવ આપીને વે-બ્રીજના વજન કાંટામાં ઈલેક્ટ્રોનીક ચીપ્સ લગાડી વજન હોય તેના કરતા ઓછુ વજન બતાવી છેતરપિંડી કરતી ગેંગના ઈસમોને ગાંધીનગર એસઓજી પોલીસે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં ફરીયાદી સુરેશભાઈ રણછોડભાઈ પટેલની મેક્ષીમ કંપની આવેલી છે. આ કંપનીમાં ભંગારનો ભાવ રૂ.૧૫૭ ચાલતો હોય તેના સ્થાને રૂ.૧૬૪ એટલે કે રૂ.૭ નો તફાવત આપીને ઉંચો ભાવ નક્કી કરી જય બહુચર એન્ટર પ્રાઈઝના નામે ફરીયાદીની કંપનીના એકાઉન્ટમાં ગત તા.૧૪ માર્ચ ૨૦૧૯ ના રોજ રૂ.૩,૦૦,૦૦૦ તેમજ તા.૧૯ માર્ચના રોજ રૂ. ૭,૦૦,૦૦૦ આરટીજીએસથી જમા કરાવી દઈ આરોપીઓ રવિન્દ્રસિંહ જગદેવસિંહ સિસોદીયા અને વિનોદ નાગર પટ્ટણી આઈસર નં.જી.જે.૦૧.સી.ટી.-૨૨૭૮ લઈને ભંગાર ભરવા માટે આવ્યા હતા. તે દરમિયાન અન્ય સહ આરોપીઓએ ફરીયાદીના ધરમકાંટા પર ઈલેક્ટ્રોનીકસ ચીપ્સ



લગાડી ભંગાર ભરીને લોડીંગ આઈસર ગાડીનું વજનકરતા ચાર ટન નવસો દર કિલોગ્રામ વજન થયું હતું. ત્યારબાદ ફરીયાદી-આરોપીઓ અને અન્ય નાગરીકોની હાજરીમાં વજન કરાવતા આઈસર ગાડીનું વજન સાત ટન છ સો કિલોગ્રામ થયું હતું. જેથી અઢી ટન વજન ભંગારનું ઓછુ નોંધાયું હતું. આ કારીગરી આરોપીઓએ ઈલેક્ટ્રોનીકસ ધરમકાંટામાં ચીપ્સ લગાવીને તેના રીમોટ દ્વારા લોડીંગ ગાડીનું વજન ઓછુ કરી ફરીયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી ગુનો આચર્યો છે. એસઓજી પોલીસે ગુનામાં ૬ મોબાઈલ, ક્રેટા ગાડી, બલેનો ગાડી, બે રીમોટ, અને એક ઈલેક્ટ્રોનીક ચીપ્સ કબ્જે કરી બે આરોપીઓ રવિન્દ્રસિંહ સિસોદીયા અને વિનોદ પટ્ટણીને પકડી અટક કરી છે. ત્યારબાદ આગળની તપાસ કરતા આરોપી પિયુષ વિઠ્ઠલ પટણી તથા સુનીલ પટણીને ગઈકાલે પકડીને અટકી કરી વધુ પુછપરછ હાથ ધરી છે. તેમજ આ ટોળકી દ્વારા અન્ય કોઈ કંપનીમાં આ રીતે કોઈ છેંતરપિંડીનો ગુનો કર્યો છે કે કેમ અને આવી જ રીતે અન્ય વજનકાંટા ઉપર આવી ઈલેક્ટ્રોનીક ચીપ્સ લગાડી ગુના કર્યા છે કે કેમ તે અંગે તપાસ શરુ કરી છે.

# ટીકીટ કાપ્યા પહેલાં પરેશ રાવલે ચૂંટણી લડવા ઈન્કાર કર્યો

ગાંધીનગર

ગુજરાત ભાજપના ૨૫ ઉમેદવારોના નામ જાહેર થાય તે પહેલાં ફિલ્મસ્ટાર અને અમદાવાદ પૂર્વના સાંસદ પરેશ રાવલે લોકસભાની ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે. તેઓ તેમના સંસદીય મત વિસ્તારમાં મતદારોથી વિમુખ થઈ ચૂક્યાં હતા. એક કાર્યક્રમમાં તેમનો વિરોધ પણ થયો હતો.

પ્રદેશ ભાજપના આગેવાનોએ પરેશ રાવલને ફરીથી લોકસભાની ટીકીટ નહીં આપવાની રજૂઆત કરી હતી. પાર્ટીના હાઈકમાન્ડે પણ પરેશ રાવલની જગ્યાએ સ્થાનિક નેતાને ટીકીટ આપવાની તૈયારી શરૂ કરી દીધી હતી. બીજી તરફ ટીકીટ અંગે શંકા ઉભી થતાં પરેશ રાવલે જણાવ્યું હતું કે હું ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી લડવા માગતો નથી.




પરેશ રાવલે કહ્યું હતું કે હું અમદાવાદના મતદારોનો આભાર માનું છું કે જેમણે મને પાંચ વર્ષ લોકસભામાં ચૂંટીને મોકલ્યો છે. હું આ વખતે ચૂંટણી લડવાનો નથી પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપને હંમેશા મારો ટેકો આપતો રહીશ. ભાજપ માટે ચૂંટણી પ્રચાર કરવાની પણ મારી તૈયારી છે.

પરેશ રાવલ કહે છે કે રાજનીતિમાં વધારે સમય આપવો પડે છે તેથી મારી ફિલ્મોના શૂટીંગમાં મુશ્કેલી ઉભી થાય છે. હું ફિલ્મોમાં વ્યસ્ત હોવાથી વધુ સમય આપી પણ શકતો નથી તેથી આ વખતે મારે ચૂંટણી લડવી નથી પરંતુ ભાજપ અને નરેન્દ્ર મોદી માટે કામ કરતો રહીશ.ગયા વર્ષે દિવાળીના સમયે પરેશ રાવલે પ્રદેશ નેતાગીરી પર સવાલો ઉઠાવી કહ્યું હતું કે નરેન્દ્ર મોદીએ જે ગુજરાત બનાવ્યું છે તેને ગુજરાતના નેતાઓ ઉજાડી રહ્યાં છે. ગુજરાતની પ્રત્યેક ચૂંટણીમાં જો નરેન્દ્ર મોદીને ગુજરાતમાં પ્રચાર કરવા આવવાનું થાય તો તે આપણા માટે શરમની બાબત છે. મોદીએ બનાવેલા ગુજરાતને હાલના નેતાઓએ બદલી નાંખ્યું છે. તેઓને મોદી વિના ચાલતું નથી. પરેશ રાવલના આવા આક્ષેપો સામે પ્રદેશ નેતાગીરીએ વાંધો લીધો હતો.

# ડભોડા હનુમાન મંદિર ખાતે ઈ.વી.એમ. નિદર્શન કાર્યક્રમ યોજાયો



ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડિયા હનુમાન મંદિરે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વી.વી.પેટનું નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

ઈ.વી.એમ. મશીન નિદર્શન સાથે લોકજાગૃતિ અભિયાન અંતર્ગત મતદારોને મતદાન કરવાની માહિતી સમજાવી હતી. સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મતદારો મુક્ત, તટસ્થ અને ન્યાયી વાતાવરણમાં મતદાન કરી શકે, દેશની લોકશાહી મહાપર્વમાં સહયોગી બને તેવા હેતુસર ડભોડામાં શનિવારે ૮૦૦થી વધુ મતદારોએ નિદર્શનનો લાભ લીધો હતો. ઈ.વી.એમ.માં મતદાન કર્યા બાદ વી.વી. પેટ મશીનમાં પોતાનો વોટ જોઈ શકે તેવો ડેમોસ્ટ્રેશન દ્વારા સમજ પુરી પાડી હતી. ચૂંટણી સુધી દર શનિવારે ડભોડા હનુમાનજી મંદિરે ઈ.વી.એમ. નિદર્શન કાર્યક્રમ યોજાશે.

ઈ.વી.એમ. નિદર્શન કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી જી.એ. ધાંધલીયા, તલાટી કમ મંત્રી બી.કે. દેસાઈ, પ્રાથમિક શિક્ષણાધિકારી (તાલુકા) જી.એમ. મોદી, ચિલોડા પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે મુલાકાત લઈ મતદારોને માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# ભાજપ દ્વારા રૂપાલ ગામેથી ઘર ઘર ચાલો સંપર્ક અભિયાનનો આરંભ

## વરદાયિની માતાના દર્શન કરી અભિયાન શરૂ

અમદાવાદ,તા.૨૩

આજરોજ ભાજપા પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ સવારે વરદાયિની માતાના મંદિર, રૂપાલ, ગાંધીનગર ખાતે દર્શન કરી ભાજપના "ઘર ઘર ચલો" સંપર્ક અભિયાનના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં "મારું ઘર ભાજપનું ઘર" મંત્રને ચરિતાર્થ કરતા દરેક કાર્યકર્તા-વિસ્તારકો આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો પત્ર "ભારત કે મન કી બાત" અને કેન્દ્ર સરકારની જનકલ્યાકારી યોજનાઓની માહિતી ઘર-ઘર સુધી પહોચાડશે. વાઘાણીએ ઈલેક્ટ્રોનિક મીડિયાને જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી એટલે અસત્ય અને સત્ય વચ્ચેનો સંઘર્ષ છે. ભારતીય જનતા પાર્ટી હરહંમેશ રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રવાદ, સૌને ન્યાય, વાસ્તવિક્તા, સત્યતા અને 'સૌનો સાથ સૌનો વિકાસ'ને સાથે લઈને સકારાત્મક રાજનીતિમાં માને છે. સમગ્ર દેશમાં કોંગ્રેસની જાતિવાદ, પ્રાંતવાદ, ભાગલાવાદી, પરિવારવાદ અને તુષ્ટિકરણની નકારાત્મક રાજનીતિને જાકારો મળ્યો છે ત્યારે ભાજપા સરકારની પારદર્શકતા, સુશાસન અને જનકલ્યાણની યોજનાઓની માહિતી આ સંપર્ક અભિયાનમાં તમામ કાર્યકર્તાઓ દ્વારા ઘર-ઘર સુધી પહોચાડી પરિશ્રમની પરાકાષ્ટા સર્જશે. ભાજપાની રાજ્ય અને કેન્દ્રની સરકાર દ્વારા હંમેશા લોકો અને લોક કલ્યાણને કેન્દ્રમાં રાખી અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકેલી છે જેનાથી ભાજપાના 'સર્વજન સુખાય સર્વજન હિતાય'ના મંત્રને એક અદમ્ય વેગ મળી રહ્યો છે.

ઘર ઘર ચલો સંપર્ક અભિયાન દરમ્યાન સમગ્ર ગુજરાતની તમામ ૨૬ લોકસભા ક્ષેત્રમાં આજ થી વિસ્તારકો મંડલ અને વોર્ડમાં આવતા તમામ બૂથો પર જઈ માહિતી પત્રિકા અને સ્ટીકર વિતરણ કરશે. આ પ્રસંગે વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાજપા હંમેશાં ગુજરાતની જનતા જનાર્દનનો આભારી રહ્યો છે તથા આવનારી લોકસભા ચૂંટણીમાં ભાજપા સૌનાં સહયોગથી જ્વલંત વિજય મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# સ્વ. પૂનમચંદ મકવાણાના દેહનું તેમની ઈચ્છાનુસાર દેહદાન કરાયું

ગાંધીનગર, તા. ૨૩

જીવનની પોણી સદી વટાવીને સ્વસ્થ સહજ અને ખુશનુમા જીવન જીવતા પૂર્વ સરકારી કર્મચારી પૂનમચંદ મકવાણાનું નિધન થતા તેમની ઈચ્છાનુસાર પરિવારજનો દ્વારા તેમના પાર્થિવદેહનું તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અભ્યાસ હેતુસર દેહદાન કરવામાં આવ્યું છે. સ્વ. પૂનમચંદ મકવાણા પૂર્વ સરકારી કર્મચારી હોવા ઉપરાંત સેવાકીય પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા હતા.

બારેમાસ ધુળેટીના તહેવારની જેમ ગમતાનો ગુલાલ કરતા સ્વ. પૂનમચંદ મકવાણાએ પૂનમની ચાંદનીની શીતળતા જેવા નમૂનેદાર અને માનવતાભર્યા નિર્ણયનો અમલ કરીને મૃત્યુ પહેલા ઉપસ્થિત સ્વજનોને પોતાના શરીરને મેડીકલક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના રિસર્ચમાં કામ લાગે તે માટે દેહદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સ્વર્ગસ્થની ઈચ્છાનુસાર તેમના ગઈકાલે અવસાન બાદ ધર્મપત્નિ ઉમાબહેન અને પુત્ર દીપક આનંદ દ્વારા સ્વ. પૂનમચંદ મકવાણાના દેહને સામાજિક બંધનોની પરવા કર્યા વિના



અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતેની ગુજરાત કેન્સર સોસાયટીને દેહદાન કરવામાં આવ્યુ હતું જેથી તેનો અભ્યાસ કરી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં અનેકના જીવ બચાવી શકે. આ અવસરે "બેફામ"ની પંક્તિઓ યાદ આવ્યાં વિના રહેતી નથી કે "રડ્યાં 'બેફામ' સૌ મારા મરણ પર એજ કારણથી, હતો મારો જ અવસરને મારી હાજરી નહોતી."



## મગોડી ખાતે પતઈ રાજાનું નાટક ભજવાયું

ગાંધીનગર-દહેગામ માર્ગ પર આવેલા મગોડી ગામ ખાતે હોળી-ધુળેટીના પર્વ નિમિતે પતઈ રાજાનું નાટક ભજવાયું હતું. જેમાં ગ્રામવાસીઓએ ઉત્સાહભેર આ નાટક નિહાળ્યું હતું.

# મંત્રીપદના ગુમાનમાં જવાહર ચાવડા ભાન ભૂલતા પત્રકારોમાં ભારે રોષ

## ચાવડાએ પોતાને પત્રકારોના બાપ ગણાવ્યા : આટલું થયા પછી પણ ભૂલ સ્વીકારવાના બદલે જવાહર પત્રકારોને રિપોર્ટિંગ શીખવતા જોવા મળતાં હાસ્યનું કેન્દ્ર

ગાંધીનગર,તા. ૨૩

તાજેતરમાં જ કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાઈ કેબીનેટ મંત્રીનું પદ હાંસલ કરનારા જવાહર ચાવડા મંત્રીપદના મદમાં ભાન ભૂલ્યા હતા અને એક કાર્યક્રમમાં પોતાને પત્રકારોના બાપ ગણાવતાં સમગ્ર રાજયભરમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. તો બીજીબાજુ, પત્રકારઆલમ સહિત સભ્યસમાજમાં જવાહર ચાવડાના પત્રકારો માટે આવા અપમાનજનક વાણીવિલાસને લઈ ચોતરફથી તેમના પર ફિટકાર વરસી રહ્યો છે. સૂંઠના ગાંગડે ગાંધી બનીને ભાન ભૂલેલા પક્ષપલ્ટુ નેતા અને વિજય રૂપાણી કેબિનેટમાં હાલમાં જ સ્થાન પામનારા જવાહર ચાવડાનો પોતાને પત્રકારોના બાપ કહેવડાવતો વીડિયો વાઈરલ થતાં મોટો વિવાદ સર્જાયો છે. આમેય માણાવદર બેઠક પરથી કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ રાજકીય સોદાબાજી અને સમાધાન કરીને ભાજપનો ભગવો ખેસ ધારણ કર્યા બાદ જવાહર ઘણા સમયથી સત્તાના મદમાં આવી ગયા છે. ભાજપના નેતાઓની આમેય તાસીર હોય છે કે કોઈ પત્રકાર તેમને ખૂંચે તેવો સવાલ કરે એટલે તેમને મન તે વિપક્ષી કોંગ્રેસનો એજન્ટ બની જાય છે. જવાહર ચાવડા પણ વિપક્ષમાં હતા ત્યારે ભાજપના નેતાઓને અણિયારા પ્રશ્નો પૂછવા પત્રકારોને રીતસર કાકલૂદી કરતા હતા અને હવે મંત્રી બની ગયા બાદ પોતાનો ભૂતકાળ ભૂલીને ચકલી ફૂલેકે ચઢે તેવો વટ મારી રહ્યા છે. હાલમાં જ મંત્રી બનેલા જવાહર ચાવડાએ એક કાર્યક્રમમાં એવું નિવેદન આપ્યું કે, પત્રકારોમાં હજુ પણ એવો પ્રશ્ન હતો કે આ કોંગ્રેસમાંથી શું કામ ભાજપમાં આવ્યા.. હજુ પત્રકારો પૂછે છે તમે શેના માટે ગયા, તમને શું વાંધો હતો.. મેં કીધું કે વાંધો તો તારા બાપને આંયા હતો જ નહીં.. આમ આ પ્રકારે ભાન ભૂલી વાણીવિલાસ કરી ચાવડાએ પોતાની જાતને પત્રકારનો બાપ ગણાવ્યા હતા. એક કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે આ નિવેદનની સોશિયલ મીડિયામાં ખાસ્સી ટીકા થઈ રહી છે. ઘણા વરિષ્ઠ પત્રકારોનું કહેવું છે કે બાપ કોને કહેવાય એ એમને શીખવું જોઈએ, પછી બોલવું જોઈએ. સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતના પત્રકારોનું માનવું છે કે, આ રીતે જાહેર કાર્યક્રમમાં પત્રકારો વિરુદ્ધ ટિપ્પણી કરી પ્રજા પાસે તાળી પડાવવી એ યોગ્ય નથી અને એક કેબિનેટ મંત્રી તરીકે જવાહર ચાવડાને આ શોભતું નથી.

# ગાંધીનગરમાં ૨૬મીએ યોગી વિજય સંકલ્પ સંમેલનમાં આવશે

## તમામ ૨૬ સીટો પર વિજય સંકલ્પ સંમેલનનું આયોજન

અમદાવાદ,તા.૨૩

ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક પર વિજય સંકલ્પ સંમેલન યોજવાની ભાજપે તૈયારી કરી લીધી છે. લોકસભાને લઈને જોરદાર તૈયારીઓ ભારતીય જનતા પાર્ટી દ્વારા શરૂ કરાઈ છે. ભાજપા દ્વારા આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં તારીખ ૨૪થી ૨૭ માર્ચ, ૨૦૧૯ દરમ્યાન ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર વિજય સંકલ્પ સંમેલનો યોજાશે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તારીખ ૨૬ માર્ચે ગાંધીનગર ખાતે યોજાનાર વિજય સંકલ્પ સંમેલનમાં સવિશેષ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી તારીખ ૨૪ માર્ચે મહેસાણા ખાતે, તારીખ ૨૫ માર્ચે બારડોલી ખાતે, તારીખ ૨૬ માર્ચે સાબરકાંઠા તેમજ પોરબંદર ખાતે ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી તારીખ ૨૪ માર્ચે સુરેન્દ્રનગર ખાતે, ૨૫ માર્ચે વડોદરા ખાતે અને ૨૬ માર્ચે ગાંધીનગર લોકસભા બેઠક પર ઉપસ્થિત રહી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ ૨૬ માર્ચે રાજકોટ ખાતે, કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા ૨૪ માર્ચે સુરત ખાતે, ૨૫ માર્ચે બનાસકાંઠા ખાતે અને ૨૬ માર્ચે રાજકોટ ખાતે, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા ૨૫ માર્ચે જુનાગઢ, ૨૬ માર્ચે ભરૂચ ખાતે તથા કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોર ૨૬ માર્ચે પંચમહાલ ખાતે અને ૨૭ માર્ચે દાહોદ ખાતે ઉપસ્થિત રહેશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ૨૪,૨૫ અને ૨૬ માર્ચે અનુક્રમે મહેસાણા, પાટણ અને જામનગર ખાતે વિજય સંકલ્પ સંમેલનમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ ઉપરાંત મંત્રીઓ અને પ્રદેશના હોદ્દેદારઓ જે તે લોકસભામાં વિજય સંકલ્પ સંમેલનોમાં ઉપસ્થિત રહેશે.

# સરકારી કચેરીઓમાં અધિકારીઓના પરિપત્ર મામલે ભિન્નભિન્ન મતમતાંતરો !

ગાંધીનગર, તા. ૨૩

સરકારી કચેરીઓમાં દરેક અધિકારી દરેક પરિપત્રનો અર્થ ભિન્ન ભિન્ન કરીને અલગ અલગ કાર્યવાહી કરતા હોય છે. સમગ્ર ગુજરાતમાં એક માત્ર ગાંધીનગર ખાતેની તિજોરી કચેરીના એક અનુભવી જુના અધિકારીએ મેમ્બર્સ શબ્દનો પીટીશન તરીકે ગ્રાહ્ય રાખીને નિર્ણય કરીને ચુકવણું કરેલ હતુ.

પેન્શન સુધારણાના પગલે એરીયર્સ ચુકવણી બાબતમાં કોર્ટ ચુકાદો આપેલ છે. જેઓ અધ્યાપક મંડળના જેઓ સભાસદ છે. તેઓને એરીયર્સ ચુકવવું તે પ્રમાણે ચુકવેલ હતુ. ત્યારે તિજોરી કચેરીમાં અન્ય અધિકારીઓએ વાંધો કાઢ્યો કે જે તે પેન્શનર પોતે પીટીશનર નથી એટલે એરીયર્સ ના મળે. અધિકારીએ ચુકાદાનો અભ્યાસ કર્યા વગર નિર્ણય લઈ લીધો. તિજોરી કચેરી જાણે કે વાંધા કચેરી હોય તેમ વાંધા કાઢવામાં ગર્વ અનુભવે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ